| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૧–૧૨–૨૦૨૫ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૧–૧૨–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૦૧–૦૫–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૪ ૨૧ |

**મે. કુતિયાણાના જ્યુડી.મેજી. ફર્સ્ટ કલાસ સાહેબશ્રી ની અદાલતમાં, મું.કુતિયાણા**

**ફોજદારી. કેસ નંબર :૮૬૪/૨૦૨૫**

**આંક–**

**ફરીયાદી** : શ્રી સરકાર...

**વિ રૂ દ્ધ**

**આરોપીઓ** :

(૧) ભીમા રાજસીભાઈ મોઢવાડીયા, ઉ.વ.૫૮
રહે.અમર ગામ,આઘા ખેતરૂની સીમ વાડીએ,
તા.કુતિયાણા, જી.પોરબંદર.

(૨) નાથા નાગાભાઈ ઓડેદરા, ઉ.વ.૭૫
રહે.હોળી ચકલા, રાણાવાવ, જી.પોરબંદર.

(૩) અલારખા મામદભાઈ પઢીયાર, ઉ.વ.૭૪
રહે.જુમ્મામજીદ રોડ,રાણાવાવ,જી.પોરબંદર.

(૪) નાગાજણ વિરમભાઈ ખુંટી, ઉ.વ.૪૦
રહે.બોખીરા, તુંબડા હનુમાન મંદીર પાસે,પોરબંદર.

(૫) રમેશ વાલજીભાઈ મોકરીયા, ઉ.વ.૫૩
રહે.ભોરાસર સીમ,રાણાવાવ, જી.પોરબંદર.

(૬) જગદીશ દેવજીભાઈ જાદવ, ઉ.વ.૫૮
રહે.આશાપુરા ચોક, રાણાવાવ, જી.પોરબંદર.

| | | |
|---|---|---|
| ગુનો | : | **જુગાર ધારા કલમ–૪,૫ મુજબ....** |

---

| | | |
|---|---|---|
| ફરીયાદપક્ષ........તરફે | : | વિ.એ.પી.પી.શ્રી જે.કે.પંડયા. |
| આરોપીપક્ષ.........તરફે | : | વિ. વકીલ શ્રી કે.આર.સોલંકી. |

---

**-::ઠ રા વ ::-**

(૧) **ફરિયાદ પક્ષના કેસની ટુંક હકીકત:-**

આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આરોપી નં.૧ નાં એ ગઈ તા.૧૩/૦૭/૨૦૨૫ નાં રોજ કલાક ૦૪:૦૦ વાગ્યે અમર ગામની આઘા ખેતરૂની સીમમાં આવેલ પોતાના કબ્જા હવાલાવાળી વાડીના મકાનમાં બહારથી આરોપી નં.ર થી ૬ નાંઓને બોલાવી પોતાના અંગત ફાયદા સારૂ નાલ ઉઘરાવી ગંજીપતાના પાના પૈસા વડે રોનપોલીસ નામનો હારજીતનો જુગાર રમી-રમાડી જુગારનો અખાડા ચલાવી ગંજીપતાના પાના નં.પર તથા રોકડા રૂા.૬ર,૭૦૦/- તથા પાથરણુ એક કિં. રૂા.૦૦/- મળી કુલ કિં.રૂા.૬ર,૭૦૦/- ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન મળી આવી પકડાઈ જઈને ગુનો કરતાં, આ કામનાં ફરીયાદીએ કુતિયાણા પોલીસ સ્ટેશનના ગુના રજી. નં.૧૧૨૧ ૮૦૦૪૨૫૦૩૫૮/૨૦૨૫ થી ફરીયાદ કરતા તપાસ કરનાર અમલદાર દ્વારા ગુનાની તપાસ કરી આરોપીઓ સામે પુરતો પુરાવો જણાઈ આવતા, અત્રેની કોર્ટમાં જુગાર ધારાની કલમ-૪, ૫ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામનાં આરોપીઓને અત્રેની અદાલત દ્વારા સમન્સ કરવામાં આવતાં આરોપીઓ હાજર થયેલ છે. ત્યારબાદ આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ-ર૩૦ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ છે અને ત્યારબાદ અત્રેની અદાલત દ્વારા આરોપીઓની **આંક-૧૧** થી **આંક-૧૬** સુધી પ્લી લેવામાં આવતાં આરોપીઓ એ તેમની સામેનાં ગુનાંનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**–: મૌખિક પુરાવો:–**

| ક્રમ | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| (૧) | ૧૮ | બટુકભાઈ લાખાભાઈ વિંઝુડા | ફરીયાદી |
| (૨) | ૨૬ | કિશોર વિનુભાઈ રાયમગીયા | પંચસાહેદ |
| (૩) | ૨૭ | રમેશભાઈ કેશુભાઈ સોઢાતર | પંચસાહેદ |
| (૪) | ૨૯ | રમેશભાઈ કરશનભાઈ કાંબરીયા | ત.ક.અધિકારી |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૯ | અસલ ફરીયાદ |
| (૨) | ૨૦ | મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામુ |
| (૩) | ૨૧ | જુગાર ધારા કલમ–૬ મુજબનું વોરટ મેળવવા અંગેનો પત્ર |
| (૪) | ૨૨ | જુગાર ધારા કલમ–૬ મુજબનું વોરંટ |
| (૫) | ૨૩ | લાઈટ બીલ |
| (૬) | ૨૪ | સેકશન ૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ |
| (૭) | ૩૦ | ગુન્હો નોંધવા પી.એસ.ઓ. તરફ કરેલ લેખીત રીપોર્ટ |
| (૮) | ૩૧ | તપાસનો ડેપ્યુટ હુકમ |

(૪) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો મૌખિક રીતે પુરો થયાનું જાહેર કર્યા, બાદ આરોપીઓનાં બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓ એ જણાવેલ છે કે, ફરીયાદ પક્ષનો પુરાવો ખોટો છે, અને બચાવમાં કોઈ સાહેદ તપાસેલ નથી કે સોગંદ પર જુબાની આપેલી નથી અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે. ત્યારબાદ આ કામે બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલી છે.

(૫) ઉપરોકત કેસની હકીકત અત્રેની અદાલતના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુ દ્દા ઓ ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપી નં.૧ નાંએ ગઈગઈ તા.૧૩/૦૭/૨૦૨૫ નાં રોજ કલાક ૦૪:૦૦ વાગ્યે અમર ગામની આઘા ખેતરૂની સીમમાં આવેલ પોતાના કબ્જા હવાલાવાળી વાડીના મકાનમાં બહારથી આરોપી નં.૨ થી ૬ નાંઓને બોલાવી પોતાના અંગત ફાયદા સારૂ નાલ ઉઘરાવી ગંજીપતાના પાના પૈસા વડે રોનપોલીસ નામનો હારજીતનો જુગાર રમી-રમાડી જુગારનો અખાડા ચલાવી ગંજીપતાના પાના નં.પ૨ તથા રોકડા રૂા.૬૨,૭૦૦/- તથા પાથરણુ એક કિં. રૂા.૦૦/- મળી કુલ કિં.રૂા.૬૨,૭૦૦/- ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન મળી આવી પકડાઈ જઈને જુગાર ધારાની કલમ-૪,૫ મુજબ નો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| (૨) | શુ હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રે ની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નંબર :૧:**

(૭) આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે સૌપ્રથમ પંચસાહેદ કિશોર વિનુભાઈ રાયમગીયાને આંક-૨૬ થી તથા પંચસાહેદ રમેશભાઈ કેશુભાઈ સોઢાતરને આંક-૨૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર બંને પંચસાહેદો એ આંક-૨૦ ના મુદ્દામાલ કબજે કર્યાના પંચનામા, આંક-૨૨ જુગારધારા કલમ-૬ મુજબના વોરંટમાં તથા આંક-૨૩ ના લાઈટબીલ કબ્જે કર્યામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે, તે સિવાયની સદર દસ્તાવેજોની હકીકતોને સમર્થન આપેલ ન હોય તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ

નથી.

જયારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તૈયાર લખેલ પંચનામાં, વોરંટ તથા એક વીજ બીલમાં તેઓએ સહીઓ કરેલી અને તે સિવાય તેઓ પંચનામાની વિગતે કાંઈ જાણતા નથી.

(૮) આ કામે ફરીયાદપક્ષ તરફે આ કામનાં ફરીયાદી બટુકભાઈ લાખાભાઈ વિંઝુડાને આંક–૧૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને જુબાની દરમ્યાન આંક–૧૯ થી અસલ ફરીયાદ, આંક–૨૦ થી મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામુ, આંક–૨૧ થી જુગાર ધારા કલમ–૬ મુજબનું વોરટ મેળવવા અંગેનો પત્ર, આંક–૨૨ થી જુગાર ધારા કલમ–૬ મુજબનું વોરંટ, આંક–૨૩ થી લાઈટ બીલ તથા આંક–૨૪ થી સેકશન ૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ રજુ રાખેલ છે. જયારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** તેઓ એલ.સી.બી. પોરબંદરથી કેટલા વાગ્યે નીકળેલ તેની તેઓને ખબર નથી. તેઓ તેમની કચેરીથી નીકળી તેઓ રાણા કંડોરણા થઈ અમર ગામની આધા ખેતરુની સીમે ગયેલ હતા. બનાવ સ્થળ વાડી વિસ્તાર છે અને આજુબાજુ રહેણાંકી મકાનો આવેલા છે અને વાહનોની અવર–જવર રહે છે. બનાવ સ્થળે કેટલા વાગ્યે પહોંચેલ તે તેઓને યાદ નથી. તેઓની કચેરીમાં કોઈ કાગળ આવે કે જાય તેનું ઈન્વર્ડ–આઉટવર્ડ રજીસ્ટર નિભાવવાનું હોય છે. બનાવવાળા મકાનનો માલિકી દર્શક પુરાવો લાઈટ બીલ સિવાય અન્ય કોઈ તેમની હાજરીમાં મેળવેલ નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર ફરીયાદીએ ઉલટતપાસમાં નકારી કાઢેલ છે.

(૯) આ કામે ફરીયાદપક્ષે હાલના ગુનાની તપાસ કરનાર અમલદાર રમેશભાઈ કરશનભાઈ કાંબરીયાને આંક–૨૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં તેઓએ કરેલ તપાસની કાર્યવાહીને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને જુબાની દરમ્યાન આંક–૩૦ થી ગુન્હો નોંધવા પી.એસ.ઓ. તરફ કરેલ લેખીત રીપોર્ટ તથા આંક–૩૧ થી તપાસનો ડેપ્યુટ હુકમ રજુ રાખેલ છે અને આરોપીઓ સામે પુરતો પુરાવો

જણાતા ચાર્જશીટ કરેલાની હકીકતો જણાવેલ છે.જયારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં ત.ક..અમલદારે **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** પો.સ્ટે. માં કોઈ કાગળ આવે કે જાઈ તે માટે આવક–જાવકનું રજીસ્ટર નીભાવવાનું હોય છે.તેઓ બનાવ સ્થળે ચોકકસ કેટલા વાગ્યે પહોંચેલ તેવી કોઈ હકીકત નિવેદનમાં કે પંચનામામાં કરેલ નથી. બનાવ સ્થળ બાબતે માલિકીના રેવન્યુ રેકર્ડ આ કામે રજુ કરેલ નથી. તપાસ દરમ્યાન તેઓએ લીધેલ સાહેદોના નિવેદનોમાં ચોકકસ કયાં–કયાં દરની ચલણી નોટો રહેલ હતી તેનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. આ કામે પોલીસ સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. બનાવવાળો વિસ્તાર વાડી વિસ્તાર છે અને ત્યાં આજુબાજુ રહેણાંકી મકાનો આવેલા છે. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર ત.ક.અમલદારે ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે રજુ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામે ફરીયાદીએ ફરીયાદ હકીકતને સંપુર્ણપણે સમર્થનકારી હકીકતો તેમની સરતપાસમાં જણાવેલ છે, જયારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં તેઓએ કબુલ રાખેલ છે કે, બનાવ સ્થળ વાડી વિસ્તાર છે અને આજુબાજુ રહેણાંકી મકાનો આવેલા છે અને વાહનોની અવર–જવર રહે છે. વધુમાં, આ કામે ત.ક.અમલદારે તેઓની ઉલટતપાસ માં કબુલ રાખેલ છે કે, આ કામે પોલીસ સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. આમ, સ્વતંત્ર અને તટસ્થ સાહેદો મળી શકે તેમ હોવા છતાં ત.ક. અમલદાર દ્ધારા એવો પુરાવો એકત્રીત કરવામાં આવેલ નથી. આમ, સ્વતંત્ર અને તટસ્થ સાહેદો મળી શકે તેમ હોવા છતાં ત.ક.અમલદાર દ્ધારા એવો પુરાવો એકત્રીત કરવામાં આવેલ નથી. આમ, હાલના પોલીસ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, આંક–૨૦ વાળા પંચનામા મુજબ આરોપીઓ પાસેથી મુદ્દામાલ પાવતીની વિગત મુજબનો મુદ્દામાલ પંચોની હાજરીમાં કબ્જે કરેલ હોવાની હકીકતને સમર્થન મળતુ નથી. તેમજ આ કામે ફરીયાદ આપ્યા પહેલા પંચનામું થયેલ છે તેમ છતાં ફરીયાદમાં કયા દરની ચલણી નોટો હતી તે કે નોટોના નંબર કે પંચોના નામ સરનામા જણાવેલ નથી તેમજ આ કામમાં ફરીયાદમાં પંચનામાનો સમય લખેલ છે પરંતુ બનાવવાળી જગ્યાએ કેટલા વાગ્યે પહોંચેલા તે ફરીયાદમાં કે ફરીયાદીની જુબાનીઓમાં કયાંય જણાવેલ નથી. વધુમાં, આરોપીઓ એ સદરહુ કામમાં પકડાયેલ મુદ્દામાલ સંદર્ભે આંક–૧૦ થી

નો–કલેઈમ પુરસીસ આપી જાહેર કરેલ છે કે, સદરહુ કામમાં પકડાયેલ મુદ્દામાલ તેઓની માલીકીનો નથી અને તેઓ તેનો કલેઈમ કરતા નથી અને કરવાના નથી. આ ઉપરાંત ગુનાના કામે જે સ્વતંત્ર સાહેદો એવા પંચસાહેદોને તપાસેલ છે તેઓએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય તેઓને સરકારપક્ષ દ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, જે હકીકતો ધ્યાને લેતાં પંચનામુ હાલના ગુનાના કામે પુરવાર થતુ નથી. વધુમાં, આ કામે જે જગ્યાએ રેઈડ પાડવામાં આવેલી તે જગ્યાની માલિકી અંગેનો કોઈ પણ રેવન્યુ આધાર આ કામે રજુ રાખવામાં આવેલ નથી. આમ, જે જગ્યાએ રેઈડ પાડવામાં આવેલ તે જગ્યા આરોપી નં.૧ ની માલિકીની હતી તે ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

૧૦.૧) આમ, આ કામે ફરીયાદપક્ષ તરફે ઉપરોકત તપાસવામાં આવેલ ફરીયાદી તથા ત.ક.અમલદારની જુબાની ધ્યાને લેતાં, તેઓ ફરિયાદમાં જણાવેલ બનાવને અનુરૂપ સુસંગત જુબાની આપેલ છે અને ઉલટતપાસ જોતાં પણ વિપરીત કોઈ પુરાવો રજુ થયેલો નથી. પરંતુ ઉપર ચર્ચા કરી તેમ જયારે સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હોવા છતાં, સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધા નથી અને જે પંચસાહેદો તપાસેલા છે તેઓ ફરી ગયેલા જાહેર થયેલા છે. તે સંજોગોમાં માત્ર પોલીસ સાહેદોની જુબાની પર આધાર રાખીને આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર થયેલો માની શકાય નહીં. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં, આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, ઉપરોકત હકીકત જોતાં આરોપીઓ સામેનો આક્ષેપ ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>–:: હુ ક મ ::–</u>

- આ કામના આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૧) અન્વયે જુગાર ધારાની કલમ–૪,૫ મુજબનાં સજાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ રોકડ રકમ, જે કોઈ કલેઈમ કરતા ન હોઈ, અપીલ સમય વિત્યે સરકાર ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ અન્ય

મુદ્દામાલનો અપીલ સમય વીત્યેથી નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

- આરોપીઓએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલના કામે જરૂર પડયે હાજર થવા બાબતેના છ માસ સુધીની મુદતના રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની કોર્ટમાં આપવાના રહેશે.

હુકમ આજરોજ તારીખ ૦૧લી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૧–૦૫–૨૦૨૬
સ્થળ : કુતિયાણા.

**(કલ્પેશ લક્ષ્મણભાઈ નાડિયા)**
**(CODE No. GJ 01433)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
કુતિયાણા